સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની હંગામી
જગ્યાઓ એબેયન્સ મુક્ત/પુન:જીવિત કરી
આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/msm/e-file/૧૭/૨૦૨૨/૧૬૪૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.03/૧૧/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/03/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૦/૪૮૫(૧)/૪૧૪૧૩૫/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૫/૦૬/૨૦૨૨ નો પત્ર ક્રમાંક:-મકમ/હંગામી જગ્યા/૨૦૨૨/૩૯૪૨

આમુખ:-

આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક(૧)ના ઠરાવથી છોટાઉદેપુરની ભાષા શિક્ષકની ૦૧ જગ્યા, ઓબ્ઝવેર્શન હોમ, વ્યારાની ભાષા શિક્ષકની ૦૧ જગ્યા અને જુવેનાઇલ હોમ,(બોયઝ) સુરતની ઉદ્યોગ શિક્ષકની ૦૧ જગ્યા એમ કુલ-03 હંગામી જગ્યાઓરદ કરવામાં આવેલ તથા નિયામકશ્રી(સ.સુ.)ની કચેરીની આયોજન અધિકારીની ૦૧ જગ્યા એબેયન્સમાં મુકવાની શરતે તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ. નિયામકશ્રી(સ.સુ.)એ વંચાણે લીધેલા ક્રમાંક(૨)ના પત્રથી ઉકત જગ્યાઓ એબેયન્સ મુક્ત/પુન:જીવિત કરવાની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને છોટાઉદેપુરની ભાષા શિક્ષકની ૦૧ જગ્યા, ઓબ્ઝવેર્શન હોમ, વ્યારાની ભાષા શિક્ષકની ૦૧ જગ્યા અને જુવેનાઇલ હોમ,(બોયઝ) સુરતની ઉદ્યોગ શિક્ષકની ૦૧ જગ્યા એમ કુલ-03 હંગામી જગ્યાઓ વિભાગના દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોઇ સા.વ.વિ.ના તા.03/૦૨/૨૦૧૪ના ઠરાવની જોગવાઇઓ મુજબ, સદરહુ જગાઓ પુન:જીવિત કરવાની મંજુરી આપવામાં આવે છે.

નિયામકશ્રી(સ.સુ.)ની કચેરીની આયોજન અધિકારીની ૦૧ જગ્યા વિભાગના દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોઇ તેમજ આ જગ્યા બદલીથી ભરવામાં આવેલ હોવાથી સમાજ સુરક્ષા ખાતાની વડી કચેરી ખાતેની આયોજન અધિકારીની ૦૧ હંગામી જગ્યા તા.૧૯/૦૭/૨૦૨૨ની પાશ્ચાતવર્તી અસરથી એબેયન્સમુક્ત કરવાની મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૭/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી(છ-૧ શાખા/બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ